ક્રમાંક: સમન/૧૦૨૦૦૬/૨૬૭૫/પી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૧૦૩૨
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૨૩૦૯
ઇ-મેઇલ : so-p-ud@gujarat.gov.in

તારીખ : 13 JUL 2006

મધ્યસ્થ કચેરી
18 JUL 2006
ક્રમ નંબર ૭૧/૧/૨૩૩

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન,
સુરત.

વિષય: રાઇટ ટુ ઇન્ફરમેશન એક્ટ ૨૦૦૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેનાં આપની કચેરીના તા. ૩૦/૬/૦૬ના પત્ર ક્રમાંક: આરટીઆઇ સેલ/ ૨૧૪ ના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે અરજદાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા રૂ. ૨૦/- અરજી ફી ભરીને કોઇ સંસ્થા/ કચેરીને કરવામાં આવેલ અરજીના મુદ્દાઓ તે સંસ્થા/ કચેરીના એક કરતાં વધારે જાહેર માહિતી અધિકારીને સ્પર્શતા હોય તો પણ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૬ તથા ગુજરાત માહિતી અધિકાર બાબતના નિયમો, ૨૦૦૫ના નિયમ ૫ (૧) (ક) ની જોગવાઇ અનુસાર અરજદાર પાસેથી અલગ અલગ અરજી ફી વસુલ કરી શકાય નહી.

અપીલ ફી લેવા અંગે ગુજરાત માહિતી અધિકાર બાબતના નિયમો, ૨૦૦૫ કે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫માં કોઇ જોગવાઇ નથી. વધુમાં અપીલના નમુનામાં પણ ફી ભરવા અંગેનું કોઇ કોલમ નથી. આથી અપીલ ફી વસુલ લેવાની રહેતી નથી.

આપનો વિશ્વાસુ,

(એચ. કે. પરમાર)
સેક્શન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ સાદર રવાના :– મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,..............................જાણ માટે.
નકલ સ.રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ પ્રતિ,..................જાણ માટે.
નકલ રવાના :– તમામ ખાતાધિકારીશ્રીઓ/ઝોનલ ઓફિસરશ્રીઓ પ્રતિ,..............જાણ તથા ઘટિત થવા સારૂં.

નં.આરટીઆઈ સેલ/ ૨૨૩
તા.૨૦/૭/૨૦૦૬.

ડે.કમિશનર (પ. અને ઈ.)
અને નોડલ ઓફીસર
રાઈટ ટુ ઈન્ફરમેશન સેલ-૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.